# નોટિસ

આ સાથે નીચેના પરિપત્ર મુજબ જે વિદ્યાર્થીઓ સતર્કતા જાગૃતિ સપ્તાહની ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા હોય તેઓ રસાયણશાસ્ત્ર વિભાગમાં NSS પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. કે. એલ. કરંગીયા સાહેબનો તા. 14/10/2021 સુધીમાં સંપર્ક કરે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ ,ખડિયા

જૂનાગઢ,ગુજરાત (ભારત) ફો.(ઓ) :૦૨૮૫ -૨૬૮૧૪૦૦

Website :http://www.bknmu.edu.inEmail : info@bknmu.edu.in


પરિપત્ર

**વિષય: સતર્કતા જાગૃતિ સપ્તાહની ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધા યોજવા બાબત**

**સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક NSS/AKAM/2021/5221-5366 તા. ૦૭/૧૦/૨૦૨૧**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમોના આચાર્યશ્રીઓ/ સંસ્થાના વડાશ્રીઓ/ પી.જી.સેન્ટરના વડાશ્રીઓ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તેમજ એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને ને જણાવવાનુ કે કેન્દ્રીય સતર્કતા આયોગ તરફથી તા.૨૬/૧૦/૨૦૨૧ થી તા.૦૧/૧૧/૨૦૨૧ દરમિયાન સતર્કતા જાગૃતિ સપ્તાહ ૨૦૨૧ની ઉજવણી કરવાનુ ઠરાવેલ છે. "આઝાદીના અમૃત મહોત્સવ" અંતર્ગત આ સપ્તાહની ઉજવણી " સ્વતંત્ર ભારત@75: સત્યનિષ્ઠાથી આત્મનિર્ભરતા" (Independent india@75 : Self Reliance with integrity) ના ધ્યેય/થીમ આધારીત આ સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. તેના ભાગ રુપે કેન્દ્રીય સતર્કતા આયોગ અને કેન્દ્રીય અન્વેષણ બ્યુરોના કાર્યક્રમોના ભાગ રૂપે માન.વડાપ્રધાનશ્રી રાષ્ટ્રને ઉદબોધન કરતા હોય છે. ચાલુ વર્ષે આ સપ્તાહની ઉજવણી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કરવામાં આવનાર છે. આ સપ્તાહની ઉજવણીનો મુખ્ય ઉદેશ સત્ય, નિષ્ઠા, નિવારાત્મક તકેદારી અને ભ્રષ્ટાચાર નિવારણ સહિતના પગલા દ્વારા લોક જાગૃતિ લાવવાનો છે

ગુજરાત તકેદારી આયોગના સમન્વયમા લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા આ સપ્તાહની ઉજવણી દરમિયાન સમગ્ર રાજયમાં ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધા યોજવાનુ આયોજન કરવા જણાવવામાં આવે છે તેમજ વધુમાં વધુ વિદ્યાર્થીઓ સહભાગી બને તેવા પ્રયત્નો આપની કક્ષાએથી કરવાનાં રહેશે.

<u>નિબંધ સ્પર્ધાનો વિષય આ પ્રમાણે રહેશે</u>

" સ્વતંત્ર ભારત @75: સત્યનિષ્ઠાથી આત્મનિર્ભરતા"

( Independent india@75 : Self Reliance with integrity )

ઉપરોકત નિબંધ સ્પર્ધાની તમામ માહીતી સામેલ સંદર્ભપત્રમાં દર્શાવેલ છે

કા.કુલસચિવશ્રી

ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/ ૧૨૫૦ /૨૦૨૧
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ
તા. ૦૮/૧૦/૨૦૨૧

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તેમજ પી.જી. સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તથા એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર્સ તરફ..

**નકલ સાદર રવાના:**

(૧) માન. કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ..

**નક્લ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે..**

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

Azadi ka Amrit Mahotsav

જા.ક્ર.:- NSS/AKAM/2021/5221 – 5366 તા.07/10/2021

ખાસ અગત્યનું

પ્રતિ,

(૧) રજિસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય

(૨) આચાર્યશ્રી, તમામ સરકારી, બિનસરકારી અનુદાનિત, સ્વનિર્ભર કોલેજો

(૩) પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી, તમામ એન.એસ.એસ. સંલગ્ન યુનિવર્સિટી

વિષય :- સતર્કતા જાગૃતિ સપ્તાહની ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધા યોજવા બાબત

સંદર્ભ :- મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકની કચેરીનો તા.૦૫/૧૦/૨૦૨૧નો પત્ર ક્ર: સમન/ રેકર્ડ/લોક જાગૃતિ/૩૫૦/૨૦૨૧.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, કેન્દ્રીય સતર્કતા આયોગ તરફથી આગામી તા.૨૬/૧૦/૨૦૨૧ થી તા.૦૧/૧૧/૨૦૨૧ દરમિયાન સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૧ની ઉજવણી કરવાનું ઠરાવેલ છે. ભારત દેશ સ્વતંત્રતાના ૭૫મા વર્ષે "આઝાદી કા અમૃત મહોત્સવ" મનાવી રહેલ છે, જે અન્વયે આ સપ્તાહની ઉજવણી **"સ્વતંત્ર ભારત@75: સત્યનિષ્ઠાથી આત્મનિર્ભરતા"** **(Independent India@75 : Self Reliance with Integrity)**ના ધ્યેય/ થીમ આધારીત આ સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. તેના ભાગ રૂપે કેન્દ્રીય સતર્કતા આયોગ અને કેન્દ્રીય અન્વેષણ બ્યુરોના કાર્યક્રમોના ભાગ રૂપે માન. વડા પ્રધાનશ્રી રાષ્ટ્રને ઉદ્‌બોધન કરતા હોય છે. ચાલુ વર્ષે આ સપ્તાહની ઉજવણી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કરવામાં આવનાર છે. આ સપ્તાહની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય સત્ય નિષ્ઠા, નિવારાત્મક તકેદારી અને ભ્રષ્ટાચાર નિવારણ સહિતના પગલા દ્વારા લોક જાગૃતિ લાવવાનો છે.

ગુજરાત તકેદારી આયોગના સમન્વયમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા આ સપ્તાહની ઉજવણી દરમિયાન સમગ્ર રાજ્યમાં ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધા યોજવાનું આયોજન કરવા જણાવેલ છે.

<u>આ સ્પર્ધાનો વિષય :</u>

**"સ્વતંત્ર ભારત @75: સત્યનિષ્ઠાથી આત્મનિર્ભરતા"**

**"Independent India@75: Self Reliance with Integrity"**

આ વિષય ઉપર ૨૫૦ થી ૩૦૦ શબ્દોની મર્યાદામાં નિબંધ લેખન કરવાનું રહેશે. તેમજ વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે ઇચ્છનીય છે.

આ સ્પર્ધામાં બન્ને માધ્યમોમાં (ગુજરાતી અને અંગ્રેજી) રાજ્ય કક્ષાએ પ્રથમ ત્રણ વિજેતાને તેમજ ભાગ લેનાર પૈકી પસંદગી પામેલ પ્રથમ ૧૦ (દસ) વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે નીચે મુજબની રોકડ ઇનામી રાશિ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો તરફથી આપવામાં આવશે.

| અ.નં. | માધ્યમ | ઇનામની રકમ | | | |
|---|---|---|---|---|---|
| | | પ્રથમ | દ્વિતીય | તૃતીય | અન્ય પ્રથમ ૧૦ (દસ) વિજેતા |
| ૧ | ગુજરાતી | રૂ. ૧૦,૦૦૦/- | રૂ. ૫,૦૦૦/- | રૂ.૩,૦૦૦/- | દરેકને રૂ.૧,૦૦૦/- |
| ૨ | અંગ્રેજી | રૂ. ૧૦,૦૦૦/- | રૂ. ૫,૦૦૦/- | રૂ.૩,૦૦૦/- | દરેકને રૂ.૧,૦૦૦/- |

ઉપરોક્ત વિગતે આપની કક્ષાએથી સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

- દરેક વિદ્યાર્થીએ નિબંધ લેખનના પ્રથમ પેજના મથાળે પોતાનું નામ, વર્ષ, કોલેજનું નામ, એનરોલમેન્ટ નંબર/રોલ નંબર, માધ્યમ વગેરે દર્શાવવાનું રહેશે. તેમજ છેલ્લા પેજ પર ઉમેદવારે સહી કરવાની રહેશે.
- નિબંધ લેખન હસ્તલિખિત મોકલવાનો રહેશે.

વિદ્યાર્થીઓએ કરેલ નિબંધ લેખન સ્કેન કરી તેની પી.ડી.એફ. ઇ-મેઇલ દ્વારા che.spardha@gujgov.edu.in પર મોડામાં મોડા તા.૧૪/૧૦/૨૦૨૧, ગુરૂવાર સુધીમાં મોકલી આપવાની રહેશે. ત્યારબાદ મળેલ નિબંધ ધ્યાને લેવાશે નહિ જેની દરેક વિદ્યાર્થીઓને આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી છે. સદર સ્પર્ધામાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે ઇચ્છનીય છે.

સંયુક્ત કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગાંધીનગર